# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બૉર્ડ,ગાંધીનગર

## ગુજરાતી (પ્રથમ ભાષા ) (01)

## ધોરણ -10

## પ્રશ્નબેંક- 2 દ્વિતીય સત્ર (2025-26)

**સમાવિષ્ટ પ્રકરણ – 12 થી 18,25 વ્યાકરણ – અર્થભેદ, સમાસ, અલંકાર, કહેવત, તળપદા-શિષ્ટરૂપ, વાક્યપ્રયોગ લેખન – અહેવાલ લેખન , નિબંધલેખન**

સૂચનાઓ:

1. નીચે આપેલ પ્રશ્નબેંકમાંથી સૂચના મુજબ કુલ 25 ગુણની કસોટી તૈયાર કરી શાળાએ પોતાની રીતે લેવાની રહેશે.
2. દરેક અધ્યયન નિષ્પત્તિના નક્કી કરેલા ગુણ પ્રમાણે જરૂરી પ્રશ્નો પસંદ કરવાના રહેશે.
3. શિક્ષકે એકમ કસોટીનં મલ્યાંકન કર્યા બાદ ઉપચારાત્મક કાર્ય કરવાનં રહેશે.

### વિભાગ – A પ્રશ્ન -1 (07 ગુણ)

G- 1015 કવિ, લેખક, કૃતિ, પાત્ર, ઉક્તિ, સાહિત્યપ્રકાર અંગે પરિચય મેળવે છે અને આપે છે.

(અ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો. ( ગમે તે એક ) (3)

| કૃતિ | કર્તા |
|---|---|
| 1. જન્મોત્સવ | (અ) ચંદ્રકાંત પંડયા |
| 2. ગતિભંગ | (બ) પન્નાલાલ પટેલ |
| 3. ચોપડાની ઇન્દ્રજાળ | (ક) સુરેશ જોષી |
| | (ડ) મોહનલાલ પટેલ |

અથવા

| કૃતિ | સાહિત્યપ્રકાર |
|---|---|
| 1. ચોપડાની ઇન્દ્રજાળ | (અ) નવલિકા |
| 2. ગતિભંગ | (બ) નવલકથા–અંશ |
| 3. ભૂખથીય ભૂંડી ભીખ | (ક) લઘુકથા |
| | (ડ) આત્મકથા-ખંડ |

અથવા



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

| પાત્ર | કૃતિ |
|---|---|
| 1. વિશાખા | (અ) ભૂખથીય ભૂંડી ભીખ |
| 2. રણછોડ | (બ) ગતિભંગ |
| 3. ગોવિંદ | (ક) જન્મોત્સવ |
| | (ડ) ચોપડાની ઇન્દ્રજાળ |

અથવા

| કૃતિ | કર્તા |
|---|---|
| 1. દિવસો જુદાઈના જાય છે | (અ) રાવજી પટેલ |
| 2. વતનથી વિદાય થતાં | (બ) રાજેન્દ્ર શાહ |
| 3. બોલીએ ના કાંઈ | (ક) ગની દહીંવાલા |
| | (ડ) જયંત પાઠક |

અથવા

| કૃતિ | સાહિત્યપ્રકાર |
|---|---|
| 1. દિવસો જુદાઈના જાય છે | (અ) સૉનેટ |
| 2. વતનથી વિદાય થતાં | (બ) ગીત |
| 3. બોલીએ ના કાંઈ | (ક) ગઝલ |
| | (ડ) લોકગીત |

G-1008 ગદ્ય- પદ્યનાં હાર્દને સમજીને ઉત્તરો લખે છે અને મૌખિક કે લેખિત રજૂ કરે છે.

(બ) નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. (ગમે તે બે ) (2)

1. 'સૉનેટ' સાહિત્ય સ્વરૂપમાં _______________ પંક્તિઓ હોય છ. ( 12, 14,16)
2. ____________ માં ઊતરેલા પેસેન્જરો લઈને બસ ઊપડી ચૂકી હતી.
( રાજધાની એક્સપ્રેસ, આશ્રમ એક્સપ્રેસ, જનતા એક્સપ્રેસ)
3. જીવલાએ શાહુકાર પાસેથી __________ રૂપિયા વ્યાજે લીધા હતા.( 500, 300, 400)
4. વતનથી વિદાય થતાં કાવ્ય _________ સંગ્રહમાંથી લેવામાં આવેલ છે.
(અંતરીક્ષ,અંગત, શ્રુતિ)
5. રામદીન શરણાઈવાળાએ કૃષ્ણજન્મ પર __________ ના સૂર છેડયા.
(ભૈરવી, બિભાસ, લલિત)
6. ગીતાના 7 થી 12 અધ્યાયોમાં ________________ ને વિગતવાર સમજાવ્યો છે.
(જ્ઞાનયોગને, લક્ષ્મીયોગ, ભક્તિયોગ)



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

7. વહેતા પાણીને ____________ઝીલે છે. ( નદી, સાગર, ધોધ )

8. ડુંગર અને તેની પત્ની ___________સ્ટેશને ગાડી પકડવા માંગતાં હતાં.

(કાલુપુર, રાજપુર, મુજપુર)

9. ગની દહીંવાલાનો વ્યવસાય __________હતો. ( દરજીકામનો, સુથારીકામનો,હીરાકામનો)

10. ધરતી પર ____________વરસાદ વરસી રહ્યો હતો. ( આગનો,બરફનો, મોતનો)

G-1005 ટૂંકાં વાક્યોને શુદ્ધ ઉચ્ચારણ સાથે આરોહ –અવરોહનો ઉપયોગ કરીને લખે છે.

(ક) નીચે આપેલ પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો. (ગમે તે બે ) (2)

1. ‘ ચોપડાની ઈન્દ્રજાળ’ કૃતિમાં લેખકે બાળપણમાં જોયેલી કઈ બાબતને રજૂ કરી છે ?
2. ઉજ્જડ જમીનમાં જે ધાન પાકતું તેમાં કોનો ભાગ ( હિસ્સો ) રહેતો ?
3. વતનથી વિદાય થતાં કવિ શેનાથી દૂર થઈ રહ્યા છે ?
4. ‘જન્મોત્સવ’ કૃતિમાં લેખકે કઈ પરિસ્થિતિનું આલેખન કર્યું છે ?
5. ‘જન્મોત્સવ’ કૃતિ કયા સંગ્રહમાંથી લેવામાં આવેલ છે ?
6. સૂની સીમ અને કૂવાનાં દૃષ્ટાંતો દ્વારા કવિ શું સૂચવે છે ?
7. ‘ગતિભંગ’ કૃતિમાં ‘ગતિનો ભંગ’ ક્યાં થતો દેખાય છે ?
8. તમે રાજરાણીનાં ચીર સમ, અમે રંક નારની ચૂંદડી.. પંક્તિ દ્વારા કવિ શું દર્શાવે છે ?
9. સુંદરજી શેઠ દુકાળનું કારણ શું માનતા હતા ?
10. કાળુ અને રાજુ ભૂંડામાં ભૂંડી બાબત કોને કહે છે ?
11. ભગવદ્ ગીતા શાનો ત્રિવેણી સંગમ છે ?

## વિભાગ – B પ્રશ્ન -2 ( 07 ગુણ)

G-1021 પાઠ્યપુસ્તક અને વાંચેલી, સાંભળેલી, જોયેલી સામગ્રીમાંથી માહિતી મેળવવા શા માટે? કેવી રીતે? જેવાં પ્રશ્નો પૂછી ઉત્તર આપે છે.

(અ) નીચે આપેલા પ્રશ્નોના ત્રણ- ચાર વાક્યોમાં ઉત્તર લખો. (ગમે તે બે) (4)

1. લેણદાર અને દેણદારના આવકારમાં રહેલો કયો વિરોધાભાસ લેખકને ખૂંચ્યો?
2. ‘જીવલો દાનતનો શુદ્ધ હતો ‘ એમ શા પરથી કહી શકાય?
3. કેડી પર ચાલતાં કવિ કેવી વેદના અનુભવી રહ્યા છે ?
4. નવજાત કિશનને વેલજી ડોસા પાસે શા માટે લઈ જવામાં આવ્યો ?
5. ‘જન્મોત્સવ’ વાર્તાનું સમાપન શેનો સંકેત આપે છે ?
6. ‘બોલીએ ના કાંઈ' કાવ્યના કવિ પોતાના દુ:ખની કથા બીજાને કહેવાની શા માટે ના પાડે છે?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

7. ‘ લ્યો હેંડો, હવે પગ ઉપાડો ઝટ, ગાડી ચૂકી જઈશું ‘ તેમ ડુંગરની પત્નીએ શા માટે કહ્યું?

8. દિવસો જુદાઈના જાય છે કાવ્યમાં કાવ્યનાયક કઈ અરજ કરે છે ?

9. ‘બાવાનાં બેય બગડયાં’ એમ કાળુ શા માટે કહે છે ?

10. અભ્યાસનું શું મહત્ત્વ છે ? ઉદાહરણ આપી સમજાવો.

G-1008 ગદ્ય- પદ્યનાં હાર્દને સમજીને ઉત્તરો લખે છે અને મૌખિક કે લેખિત રજૂ કરે છે.

(બ) નીચેના પ્રશ્નોના સાત –આઠ વાક્યોમાં ઉત્તરો લખો. ( ગમે તે એક ) (3)

1. ‘જન્મોત્સવ’ કૃતિમાં રજૂ થયેલો વિરોધાભાસ સ્પષ્ટ કરો.
2. ચોપડાની ઇન્દ્રજાળ એટલે શું ? એ જાળ કોણે તોડી? શા માટે?
3. ‘વતનથી વિદાય થતાં’ કાવ્યમાં કવિનો વતન પ્રત્યેનો તલસાટ વર્ણવો.
4. ‘દિવસો જુદાઈના જાય છે’ કૃતિમાં ગનીની મનઃ સ્થિતિ તમારા શબ્દોમાં વર્ણવો.
5. ‘ખુમારી અને સ્વમાનનો પર્યાય એટલે કાળુ’ – આ વિધાનને આધારે કાળુનું ચરિત્રચિત્રણ કરો.
6. ભક્તિયોગનું આજના સંદર્ભમાં મહત્ત્વ સમજાવો.

## વિભાગ - C પ્રશ્ન – 3 (07 ગુણ )

G-1009 કર્તા,કર્મ,ક્રિયાપદ,વિશેષણ,ક્રિયાવિશેષણ,સંધિ,સમાસ,નિપાત,સંયોજક,કૃદંત,વાક્ય-પ્રયોગ વગેરેની સમજ કેળવી લેખનકાર્યમાં ઉપયોગ કરે છે.

1. નીચે આપેલા શબ્દોના સમાસ ઓળખાવો ( ગમે તે એક) (1)
   - વિધવા
   - શાકભાજી
   - નવજાત
   - અશ્રુધર
   - મેઘરાજા
2. સૂચના મૂજબ વાક્યપ્રયોગ કરો. ( ગમે તે બે ) (2)
   - શાહુકારી ચોપડાના બધાં પાનાં મેં ચીરી નાખ્યાં. ( કર્મણિ વાક્ય બનાવો)
   - મોટી દીકરીએ ચોખા દળ્યા. ( પ્રેરકવાક્ય બનાવો)
   - કૃષ્ણ ભગવાનને માથે નાગે છાયા કરી. (કર્મણિ વાક્ય બનાવો)
   - ભગવાન શ્રીકૃષ્ણ ગોકુળ પહોંચ્યા. (પ્રેરકવાક્ય બનાવો)
   - રાજુ કારગરતી હતી. ( ભાવેવાક્ય બનાવો )
   - જશોદામૈયાથી કૃષ્ણકુંવરને શણગારાયા. ( કર્તરિ વાક્ય બનાવો)
   - રેશમા હસી પડી ( ભાવેવાક્ય બનાવો )



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- મનાલી નિબંધ લખે છે. ( પ્રેરકવાક્ય બનાવો)
- બાબુભાઇથી વ્યાકરણ શીખવાડાય છે.( કર્તરિ વાક્ય બનાવો)
- માધવે આબેહૂબ ચિત્ર દોર્યું. (કર્મણિ વાક્ય બનાવો )

G1003 શબ્દકોશનો ઉપયોગ કરી માન્ય જોડણી, અર્થ, શબ્દ અને શબ્દ વચ્ચેના ભેદ તથા અન્ય સમાનાર્થી શબ્દો વિશે જાણે છે અને શીખે છે.

3. નીચે આપેલ બંને શબ્દોના જોડણીભેદે થતો અર્થભેદ જણાવો. (ગમે તે એક ) (1)

- વૃંદ (રત્ન, વંદો , સમૂહ)
  વૃંદા (ટોળું, વીણા, તુલસી)
- શર (લક્ષ્ય, તીર, સફળ )
  સર (ધ્યેય, બાણ, તળાવ)
- મજૂરી (રજા, વૈતરૂં, બહાલી)
  મંજૂરી (વેઠ, સમંતિ, મહેનત)
- ધણ (ઢોરનું ટોળું, વધારે, કુહાડી)
  ઘણ (સમૂહ, વધૂ, હથોડો)
- કોઠાર (કડક, ભંડાર, વેદ)
  કોઢાર ( વખાર, કરચલો, ઢોર બાંધવાની જગ્યા)

G1014 જે તે કથનના અર્થઘટન અને અર્થપૂર્ણતા માટે વિવિધ શબ્દો, રૂઢિપ્રયોગો, શબ્દસમૂહો, કહેવતો સાંભળે છે, સમજે છે, બોલે છે અને લખે છે.

4. નીચે આપેલ કહેવતનો અર્થ લખો. ( ગમે તે એક ) (1)

   1. બોડીને તાં વળી કાંહકી કેવી !
   2. બાંધી મુઠ્ઠી લાખની.
   3. નહીં ઘરના કે નહીં ઘાટના.
   4. પારકી મા જ કાન વીંધે.
   5. મોરના ઇંડાને ચીતરવા ન પડે.

G1017 તળપદા શબ્દોથી પરિચિત થાય છે અને તેનો શિષ્ટ ભાષામાં ઉપયોગ કરે છે, બોલે છે અને લખે છે.

5. નીચે આપેલ તળપદા શબ્દોનું શિષ્ટરૂપ લખો. (ગમે તે એક ) (1)

   1. હાઉકાર
   2. પોયરાં



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

3. પાચ

4. બચાડી

5. પરથમી

G1006 અલંકાર શિક્ષણથી પરિચિત થઈ વિવિધ વિષયવસ્તુમાંથી અલંકારો ઓળખે છે અને તેને વિચારીને લેખનમાં ઉપયોગ કરે છે.

6. નીચે આપેલ વાક્યમાંના અલંકાર ઓળખાવો. (ગમે તે એક ) (1)

1. મનેખ જેવા મનેખનેય કપરો કાળ આવ્યો છે.
2. તમે રાજરાણીનાં ચીર સમ
3. આમ ગાંડાની માફક અડવડિયાં શું ખાય છે ?
4. માણેકના કરૂણ ચિત્કારે એમનો પીછો પકડ્યો.
5. એ મૂક્યું વન, એ મૂક્યાં જન, ઘણે વર્ષે મળ્યાં જે ક્ષણ.

## વિભાગ –D પ્રશ્ન -4 (04 ગુણ)

G1020 પત્ર, અર્થવિસ્તાર, નિબંધ, અહેવાલ વિશે વિચારે છે , સમજે છે અને લખે છે.

➢ નીચે આપેલ વિષય પર આશરે 100 શબ્દોમાં અહેવાલ તૈયાર કરો. (ગમે તે એક) (4)

1. તમારી શાળામાં યોજાયેલ શિયાળુ રમતોત્સવ અંગેનો અહેવાલ લખો.
2. અતિવૃષ્ટિને કારણે સર્જાયેલી તારાજી અને જાનહાનિનો અહેવાલ લખો.
3. ગાંધીજયંતી નિમિત્તે શાળામાં યોજાયેલ સફાઇ ઝુંબેશનો અહેવાલ લખો.
4. તમારી શાળામાંથી નિવૃત્ત થતાં શિક્ષક વિદાય સમારંભનો અહેવાલ લખો.
5. એક પેડ –મા કે નામ અંતર્ગત તમારી શાળામાં યોજાયેલ વૃક્ષારોપણ દિનની ઉજવણીનો અહેવાલ લખો.

અથવા

➢ ગમે તે એક વિષય પર આપેલા મુદ્દા આધારિત આશરે 150 શબ્દોમાં નિબંધ લખો.

- પ્રવાસનું જીવન ઘડતરમાં સ્થાન

  (મુદ્દા : પ્રસ્તાવના – જીવનઘડતરમાં પ્રવાસનું સ્થાન – પ્રવાસના ફાયદા – પ્રવાસ પ્રત્યક્ષ જ્ઞાનનો ખજાનો– સૌંદર્યદૃષ્ટિનો વિકાસ– સાહસિક વૃત્તિનો વિકાસ- એકાગ્રતા,સહનશીલતા કેળવણીની ખિલવણી- ઉપસંહાર)

- શિયાળાની સવાર

  (મુદ્દા : પ્રસ્તાવાના – શિયાળાની ઋતુ –ગુલાબી ઠંડી – લોકો પર ઠંડીની અસર – સજીવ સૃષ્ટિ પર અસર – ઉપસંહાર)



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- શૈશવના સંસ્મરણો

  (મુદ્દા :  પ્રસ્તાવના – બાળપણ – બાળપણના યાદગાર પ્રસંગ – શાળાજીવનના સંસ્મરણો- મિત્રો સાથેના સંસ્મરણો- ઉપસંહાર )
- માતૃભાષાનું મહત્ત્વ

  ( મુદ્દા : પ્રસ્તાવના – માતૃભાષા શીખવાનું પ્રથમ સોપાન – શિક્ષણમાં મહત્ત્વ – માતૃભાષાને અપાતું પ્રોત્સાહન – ઉપસંહાર )
- પુસ્તકોની મૈત્રી

  ( પ્રસ્તાવના – પુસ્તકોનું મહત્ત્વ- જીવન પર અસર – સારા પુસ્તકોના લાભ – હલકા પુસ્તકોના ગેરલાભ – ઉપસંહાર)



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in